| સૌરાષ્ટ્ર યુનિવર્સિટી<br>Accredited Grade A by NAAC | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી<br>સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય ,<br>યુનિવર્સિટીકેમ્પસ , યુનિવર્સિટી રોડ,<br>રાજકોટ – ૩૬૦૦૦૫<br>ફોન નં. ૨૫૭૮૫૦૧ થી ૧૨ (એક્સ ) ૨૧૪ | |
|---|---|---|

નં જોડાણ/૨/ ૨૫ /૨૦૧૮ તા. ૩-૦૪-૨૦૧૮

વિષય :- સ્થાનિક તપાસ સમિતિની વિગતો, જાણ, રીપોર્ટીંગ વગેરે સોફ્ટવેર દ્વારા થવા બાબત.

સંદર્ભ :- (૧) અત્રેની યુનિવર્સિટી ના તા. ૭-૧૧-૨૦૧૭ પરિપત્ર નં.જોડાણ/૨/૧૨૦૭/૧૭

(૨) અત્રેની યુનિવર્સિટી ના તા.૨-૨-૨૦૧૮ પરિપત્ર નં.જોડાણ/૨/૧૯૮૪/૧૮

પરિપત્ર :-

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા જોડાણ વિભાગનું કોમ્પ્યુટરાઈઝેશન કરવાની કાર્યવાહી ચાલુ છે જેના ભાગરૂપે વર્ષ ૨૦૧૮-૧૯ માટેના જોડાણની સ્થાનિક તપાસ સમિતિની નિયુક્તિ, જાણકારી, રીપોર્ટીંગ વગેરે કામગીરી ઓનલાઈન કરવાની થાય છે જે મુજબ અનુસરવાની થતી કાર્યવાહીની ગાઈડલાઈન નીચે મુજબ છે.

- જોડાણ વિષયક માહિતી અપલોડ કરવા માટે નીચે મુજબની ગાઈડ લાઈન અનુસરવાની રહેશે.

૧. જે કોલેજોએ સોફ્ટવેરમાં પ્રાથમિક માહિતી અપલોડ કરેલ નથી તેવી કોલેજોએ પ્રાથમિક માહિતી અપલોડ કરવાની રહેશે.

૨. દ્વીતીય તબક્કામાં કોલેજોએ મંજુર કરેલ જોડાણના ઠરાવોની માહિતી અપલોડ કરવાની રહેશે.

૩. ત્રીજા તબક્કામાં કોલેજોએ વર્ષ ૨૦૧૮-૧૯ ની કરાયેલ અરજી સોફ્ટવેરમાં અપલોડ કરવાની રહેશે અને તેને લોક કરવાની રહેશે. જે કોલેજોએ તેમની અરજી લોક કરેલ હશે તેવી કોલેજો માટે જ સ્થાનિક તપાસ સમિતિ નિયુક્તિ કરવામાં આવશે અને તેવી કોલેજોએ ચોથા તબક્કાની વિગતો ફીલઅપ/અપલોડ કરવાની રહેશે.

૪. ચોથા તબક્કામાં કોલેજ દ્વારા વર્ષ ૨૦૧૮-૧૯ ની સ્થાનિક સમિતિ ની વિગતો ઓનલાઈન ફીલઅપ/અપલોડ કરવાની થતી હોય જેમાં .........

(૧) હાલ ત્રીજા તબક્કાની વિગતો જે કોલેજોએ અપલોડ કરેલ છે તેવી કોલેજો માટે ચોથા તબક્કાના ભાગરૂપે સ્થાનિક તપાસ સમિતિ નું ફોર્મ ઓપન કરવામાં આવેલ છે તે મુજબ ફોર્મમાં વિગતો કોલેજ દ્વારા ફીલઅપ કરવાની રહેશે તેમજ એટેચમેન્ટ પણ PDF સ્વરૂપે અપલોડ કરવાના રહેશે.

(૨) કોલેજ દ્વારા જે એલ.આઈ.સી. નું ફોર્મ ફીલઅપ કરવામાં આવે ત્યારે તેમને વર્ષ ૨૦૧૮-૧૯માં સંસ્થા જે વિદ્યાશાખા, અભ્યાસક્રમ, જોડાણનો પ્રકાર ધરાવતા હોય તેની ખાત્રી કર્યા બાદ જ આગળની માહિતી ફીલઅપ કરવાની રહેશે. એલ.આઈ.સી. ફોર્મમાં વિદ્યાશાખા, અભ્યાસક્રમ, જોડાણના પ્રકારની ખોટી માહિતી ફીલઅપ કરવામાં આવે નહિ, તેની ખાસ કાળજી લેવાની રહેશે.

(૩) કોલેજ દ્વારા દરેક અધ્યાપકના ફોટા ઉપર સ્ટેમ્પ મારી, સ્કેન કરી સ્ટાફ પ્રોફાઈલ અપલોડ કરવાની રહેશે.

(૪) જે કોલેજે તેમની માહિતી પ્રથમ, દ્વીતીય, તૃતીય તબક્કામાં અંગ્રેજીમાં ભરેલ છે તેવી કોલેજોએ ફરીથી શ્રુતિ ફોન્ટમાં માહિતી ફીલઅપ કરવાની રહેશે અન્યથા માહિતી સ્વીકારવામાં આવશે નહિ.

કુલસચિવ

પ્રતિ,

- સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ

સાદર રવાના:-

૧. માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ ..............

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :-

૧. કોમ્પ્યુટર સેન્ટર ( વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા વિનંતી સહ ...)

K.pariptr 18 8